જા.નં.બીકેએનએમયુ/જોડાણ/૨૪૪/૨૦૨૬ તા.૨૧/૦૮/૨૦૨૬

**વિષયઃ-** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર CBRT આધારિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે કમ્પ્યુટર લેબની ફાળવણી માટે માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ-** ૧) અત્રેની યુનિવર્સિટીનો તા.૧૦/૦૮/૨૦૨૬ પત્ર ક્રમાંક બીકેએમયુ/જોડાણ/૨૨૨/૨૦૨૬ પત્ર.
૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૦/૦૮/૨૦૨૬ ના પત્ર ક્રમાંક ઉશિક/પીઆરઓ/૨૦૨૬/૧૦૩૧-૩e

**પરિપત્રઃ-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવામાં આવે છે કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ચાલુ વર્ષ : ૨૦૨૬-૨૭ દરમિયાન વર્ગ-૩ ના વિવિધ ૧૭૯ સંવર્ગોની CBRT આધારિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરેલ છે. આ બાબતે કમ્પ્યુટર લેબની વિશાળ સંખ્યામાં જરૂરિયાત હોઇ પરીક્ષાના સફળ સંચાલન અર્થે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની CBRT આધારિત પરીક્ષાઓ માટે યોગ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી કમ્પ્યુટર લેબની ફાળવણી માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા માંગણી કરવામાં આવેલ છે. આથી આપની સંસ્થા કક્ષાએ જરૂરી સુવિધા ધરાવતી લેબ ઉપલબ્ધ હોય તો તેની **માહિતી** સંદર્ભ-૨ પરના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનાં પત્ર માં આપેલી લિંક (https://forms.gle/erUh9iS5zJxctQDR8) પર દિવસ ૨ માં ભરી મોકલી આપવી.

Bhakta Kavi Narsinh Mehta University Junagadh

કુલસચિવ

બિડાણઃ-
– સંદર્ભ ક્રમાંક (૧) અને (૨) ની નકલ

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ
૨) માન્ય સંસ્થાઓના વડાઓ
૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

**નકલ સાદર રવાનાઃ-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

જનસંપર્ક શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

ક્રમાંક : ઉશિક/પીઆરઓ/૨૦૨૬/૧૦૩૨-૩૯ | તા.૨૦/૦૮/૨૦૨૬

પ્રતિ,

૧. રજીસ્ટ્રારશ્રી,
   તમામ યુનિવર્સિટી.

૨. આચાર્યશ્રી,
   તમામ સરકારી અને અનુદાનિત કૉલેજો.

વિષય : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર CBRT આધારિત સ્પર્ધાત્મક પરીક્ષા માટે કમ્પ્યુટર લેબની ફાળવણી માટે માહિતી આપવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગનો તા.૦૭/૦૮/૨૦૨૬ નો પત્ર : ED/MIS/e-file/3/2026/4701/V2 Co-ordination.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ચાલુ વર્ષ : ૨૦૨૬-૨૭ દરમિયાન વર્ગ-૩ ના વિવિધ ૧૭૯ સંવર્ગોની CBRT આધારિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરેલ છે. આ બાબતે કમ્પ્યુટર લેબની વિશાળ સંખ્યામાં જરૂરિયાત હોઇ પરીક્ષાના સફળ સંચાલન અર્થે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની CBRT આધારિત પરીક્ષાઓ માટે યોગ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી કમ્પ્યુટર લેબની ફાળવણી માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા માંગણી કરવામાં આવેલ છે. આથી આપની સંસ્થા કક્ષાએ જરૂરી સુવિધા ધરાવતી લેબ ઉપલબ્ધ હોય તો તેની માહિતી https://forms.gle/erUh9iS6zJxctQDR8 પર દિન-૨ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગાંધીનગર

બિડાણ : સંદર્ભ પત્ર

IT

21/8

અગત્યનું / સમય મર્યાદા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ઈ-સહી મુજબ

પ્રતિ,
(૧) કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૨) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૩) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.

વિષય: GSSSB દ્વારા યોજાનાર C.B.R.T. સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે શૈક્ષણિક સંસ્થાઓની કોમ્પ્યુટર લેબ ફાળવવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૬ના પત્રને તેમજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તા.૧૦/૦૭/૨૦૨૬ ના પત્રને આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વર્ગ-૩ ના વિવિધ ૧૭૯ સંવર્ગોની આશરે ૨૩,૩૯૬ જગ્યાઓ ભરવા માટે **Computer Based Recruitment Test (C.B.R.T.)** પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવી રહેલ છે. જેમાં C.C.E.-1 પરીક્ષા માટે અંદાજે ૪.૭૫ લાખ જેટલા ઉમેદવારો નોંધાયેલ હોઈ સમગ્ર રાજ્યમાં વિશાળ ક્ષમતા ધરાવતી કોમ્પ્યુટર લેબની અનિવાર્ય જરૂરિયાત ઊભી થયેલ છે.

આ સંદર્ભે શિક્ષણ વિભાગ હેઠળની સરકારી, અર્ધ-સરકારી તેમજ ખાનગી યુનિવર્સિટીઓ, ડિગ્રી/ડિપ્લોમા ઈજનેરી કોલેજો, આર્ટ્સ/કોમર્સ/સાયન્સ કોલેજો તથા ધોરણ ૧૦ થી ૧૨ ની શાળાઓ પાસે ઉપલબ્ધ તમામ કોમ્પ્યુટર લેબની સુવિધા આ સ્પર્ધાત્મક પરીક્ષાઓના સફળ સંચાલન અર્થે ઉપલબ્ધ કરાવવા સામાન્ય વહીવટી વિભાગ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

સદર પરીક્ષાઓ અઠવાડિયાના ચાલુ દિવસોમાં બપોરના સમયગાળા દરમિયાન અથવા જાહેર રજાના દિવસોમાં યોજાનાર હોઈ, સંસ્થાઓના દૈનિક શૈક્ષણિક કાર્યને કોઈ વિપરીત અસર પડશે નહીં. વધુમાં, પરીક્ષા સેન્ટર તરીકે ઉપયોગમાં લેવાનાર કોમ્પ્યુટર લેબ અને ઈન્ફ્રાસ્ટ્રકચર માટેનું નિયમાનુસારનું ચૂકવણું ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધું જ સંબંધિત સંસ્થાને કરવામાં આવશે.

આથી, આપની કચેરી તેમજ આપના તાબા હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓ/કોલેજો/શાળાઓમાં ઉપલબ્ધ કોમ્પ્યુટર લેબ, સિસ્ટમ્સની સંખ્યા અને બેઠક ક્ષમતા અંગેની સચોટ વિગતો એકત્રિત કરી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને સત્વરે પૂરી પાડવા તેમજ મંડળની જરૂરિયાત મુજબ કોમ્પ્યુટર લેબ ફાળવવા અર્થે આપની કક્ષાએથી જરૂરી પરિપત્ર/સૂચનાઓ તાત્કાલિક જારી કરવા આથી આદેશ કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,
e-sign
(સોહીલ તીરમીઝી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના (જાણ અર્થે) :**

૧. અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ (જી-૪ શાખા), સચિવાલય, ગાંધીનગર (સંદર્ભ પત્રના અનુસંધાને જાણ અર્થે).

૨. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB), બ્લોક નં. ૨, ૧ લો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

ignature Not Verified
gned by: Sohil M Tirmizi
der Secretary
te 2026.08.07
37:51 +5:30

File No: ED/MIS/e-file/3/2026/4701/V-2 Co-ordination
Approved By: Additional Chief Secretary,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || info@bknmu.edu.in


ક્રમાંક બીકેએનએમયુ/જોડાણ/૨૨૨/૨૦૨૬

તા.૦૧/૦૮/૨૦૨૬

વિષય:- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી સમયમાં CBRT પદ્ધતિથી લેવાનાર પરીક્ષાઓમાં સહકાર આપવા બાબત.

સંદર્ભ:- ૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૨૬ ના પત્ર ક્રમાંક GSSSB/ADM/e-file/369/2026/0257.

૨) સામાન્ય વહિવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા.૨૦/૦૭/૨૦૨૬ ના પત્ર ક્રમાંક GAD/MSM/e-file/1/2026/4138/G-4.

૩) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૯/૦૭/૨૦૨૬ ના પત્ર ક્રમાંક ઉશિક/પીઆરઓ/૨૬/૮૭૯-૮૧.

## પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવામાં આવે છે કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા વિવિધ સંવર્ગની લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં લેખિત તથા પ્રેક્ટીકલ પરીક્ષાઓ માટે આપશ્રીની સંસ્થાના બિલ્ડીંગ તથા સાધન સામગ્રીનો ઉપયોગ કરવા માટે સાથ સહકાર આપવા અંગેની સુચનાઓ ઉક્ત સંદર્ભ (૧) થી (૩) દ્વારા જણાવવામાં આવેલ. જેમાં જણાવ્યા અનુસાર આગામી સમયમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ-૩ સંવર્ગની જગ્યા પર સીધી ભરતીથી નિમણુંક માટે Computer Based Recruitment Test (C.B.R.T.) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષાઓનું રાજ્યભરમાં સમયબદ્ધ આયોજન Multiple Shifts તથા ચાલુ દિવસો (સોમ થી શનિ) દરમિયાન કરવામાં આવનાર હોય આ પરીક્ષાઓનું સુચારૂ આયોજન થઇ શકે તે માટે આપશ્રીની સંસ્થા/કોલેજના શૈક્ષણિક કાર્યને કોઇપણ પ્રકારની વિપરીત અસર ના થાય તેવી રીતે આપશ્રીની સંસ્થા/કોલેજની કોમ્પ્યુટર લેબની સુવિધાઓ પુરી પાડવા તથા સદર પરીક્ષાઓના આગામી આયોજન માટે મંડળના પ્રતિનિધીઓને સાથ સહકાર આપવા તથા આપશ્રીની સંસ્થા/કોલેજનું બિલ્ડીંગ અને કોમ્પ્યુટર લેબ ઉપરાંતની જરૂરીયાત મુજબની સાધન સામગ્રીનો ઉપયોગ કરવા સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે.

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY JUNAGADH

ખાસ ફરજ પરના અધિકારી
(જોડાણ વિભાગ)

બિડાણ:-

- સંદર્ભ ક્રમાંક (૧) થી (૩) ની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ
૨) માન્ય સંસ્થાઓના વડાઓ
૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
જનસંપર્ક શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

ક્રમાંક:ઉશિક/પીઆરઓ/૨૬/879 - 81

પ્રતિ, તા.21/07/૨૦૨૬

1. રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટી, ગુ.રાજ્ય
2. આચાર્યશ્રી, તમામ સરકારી/અનુદાનિત/ખાનગી કોલેજો, ગુ.રાજ્ય.
3. આચાર્યશ્રી, તમામ સંશોધન શાખા/ગ્રામ વિદ્યાપીઠો, ગુ.રાજ્ય.

વિષય : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી સમયમા C.B.R.T. પદ્ધતિથી લેવાનાર પરીક્ષાઓમાં સહકાર આપવા બાબત.

સંદર્ભ : (૧) અત્રેની કચેરીનો તા.૧૯/૦૪/૨૦૨૫ ના પત્રાંક:ઉશિક/પીઆરઓ/૨૫/૨૭૦ & ૨૭૧

(૨) અત્રેની કચેરીનો તા. ૨૩/૦૬/૨૦૨૫ નો પત્રાંક: ઉશિક/પીઆરઓ/૨૫/૩૬૫

(૩) માન. અધિક મુખ્ય સચિવશ્રી, સા.વ.વિભાગનો તા. ૨૦/૦૭/૨૦૨૬ નો અર્ધ સરકારી પત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/4138/g-4

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા વિવિધ સંવર્ગની લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં લેખિત તથા પ્રેક્ટીકલ પરીક્ષાઓ માટે આપની સંસ્થાના બિલ્ડીંગ તથા સાધન સામગ્રીનો ઉપયોગ કરવા માટે સાથ સહકાર આપવા અંગેની સુચનાઓનુ ઉક્ત સંદર્ભ – ૧ અને ૨ ના પત્રોથી અત્રેની કચેરી દ્વારા વખતો વખત જણાવવામાં આવેલ છે.

માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સંદર્ભ – ૦૩ થી જણાવ્યા અનુસાર, આગામી સમયમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા ખાતાના વડાની કચેરીઓમા વર્ગ – ૦૩ સંવર્ગની જગ્યા પર સીધી ભરતીથી નિમણુંક માટે Computer Based Recruitment Test(C.B.R.T.) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષાઓનુ રાજ્યભરમાં સમયબદ્ધ આયોજન કરવામાં આવે છે. જે પરીક્ષાઓનુ સુચારુ આયોજન થઇ શકે તે માટે કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી યુનિવર્સિટી /કોલેજોની ખુબ જ મોટા પ્રમાણમા જરૂરિયાત રહેતી હોવાથી તથા લાખો ઉમેદવારો ઉપસ્થિત રહેવાના કારણે પરીક્ષાના આયોજનમાં પુરતા કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી સંસ્થાઓ ઉપલબ્ધ થતી ના હોવાથી Multiple Shifts ના આયોજનના ના પરિણામે વિવિધ વહીવટી પ્રશ્નો ઉભા થાય છે અને પરીક્ષાની કામગીરીમાં વિલંબ થાય છે.

સરકારશ્રીના દસ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર તાંત્રિક અને બિન – તાંત્રિક સંવર્ગોની CBRT પદ્ધતિથી પરીક્ષાઓનુ મોટાપાયે આયોજન થનાર હોય, રાજ્યભરમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી સરકારી/અર્ધ–સરકારી/ખાનગી કોલેજો,યુનિવર્સિટી દ્વારા સાથ સહકારથી પરીક્ષાલક્ષી કામગીરી વધુ ઝડપી અને સુચારૂરૂપે પુર્ણ કરી શકાય તેમ છે. આમ, કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી સંસ્થાઓ સપ્તાહના ચાલુ દિવસો (સોમ થી શનિ) દરમિયાન પણ પરીક્ષાઓ માટે કોમ્પ્યુટર લેબની સુવિધાઓ પુરી પાડે તો સંસ્થાના શૈક્ષણિક કાર્યને કોઇ વિપરીત અસર ના થાય તેવી રીતે મંડળ દ્વારા પરીક્ષાઓનુ આયોજન કરી શકાશે. જે અંગે સંસ્થા દ્વારા સુચવવામાં આવતા દરો મુજબનુ ચુકવણું મંડળ દ્વારા કરવામાં આવશે.

Scanned with OKEN Scanner

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

જનસંપર્ક શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

આમ, આપની સંસ્થા તથા આપની સંસ્થા હસ્તકની તમામ સંસ્થાઓમાં આપની કક્ષાએથી સદર પરીક્ષાઓના આગામી આયોજન માટે મંડળના પ્રતિનિધિઓને સાથ સહકાર આપવા તથા સંસ્થાનુ બિલ્ડીંગ અને કોમ્પ્યુટર લેબ ઉપરાંતની જરૂરિયાત મુજબની સાધન સામગ્રીનો ઉપયોગ કરવા સહકાર આપવા જણાવવામાં આવે છે.

**નોંધ પર મળેલ માન.કમિશનરશ્રીની મંજુરીને આધારે.**

**બિડાણ : ઉપર મુજબ**

સંયુક્ત કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ સારૂ.:**

- માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર

Scanned with OKEN Scanner

અ.સ.પત્રક્ર.: GAD/MSM/e-File/1/2026/4138/G-4.

સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર,
સરદાર ભવન, બ્લોક નં. ૧, છઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦. ગુજરાત.
ફોન : ૦૭૯-૨૩૨૫૦૩૧૧, ૨૩૨૫૦૩૧૩
ઈ-મેઈલ : secpers@gujarat.gov.in

ડૉ. અંજુ શર્મા આઈ.એ.એસ
અધિક મુખ્ય સચિવ

તા. ૨૦/૦૭/૨૦૨૬

સ્નેહીશ્રી મુકેશ કુમાર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તા. ૧૦.૦૭.૨૦૨૬ના પત્ર (નકલ સામેલ છે) અનુસંધાને જણાવવાનું કે, મંડળ દ્વારા રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૩ સંવર્ગની જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક માટે Computer Based Recruitment Test (C.B.R.T.) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષાઓનું રાજ્યભરમાં મોટાપાયે સમયબદ્ધ આયોજન કરવામાં આવે છે.

૨. ઉક્ત પરીક્ષાઓનું CBRT પદ્ધતિથી સુચારુરૂપે આયોજન થઇ શકે તે માટે મંડળને કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી યુનિવર્સિટી / કોલેજ / શાળાઓ જેવી શૈક્ષણિક સંસ્થાઓની ખૂબ જ મોટા પ્રમાણમાં જરૂરિયાત રહે છે. વધુમાં, મંડળની આ પરીક્ષાઓમાં રાજ્યભરના લાખો ઉમેદવારો ઉપસ્થિત રહેતા હોવાના કારણે પરીક્ષાના આયોજન માટે પૂરતી સંખ્યામાં કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી સંસ્થાઓ ઉપલબ્ધ થતી નથી. જેથી, આ પરીક્ષાઓનું આયોજન Multiple Shiftsમાં કરવું પડતું હોય છે. જેના પરીણામે મંડળની પરીક્ષાઓમાં વિવિધ પ્રકારના વહીવટી પ્રશ્નો ઉભા થતા હોય છે તેમજ પરીક્ષાની કામગીરીમાં વિલંબ થતો હોઇ સમગ્ર ભરતી પ્રક્રિયા સમયસર પૂરી થઇ શકતી નથી.

૩. મંડળ દ્વારા આગામી સમયમાં સરકારશ્રીના દસ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસારની તાંત્રિક તથા બિન – તાંત્રિક સંવર્ગોની CBRT પદ્ધતિ આધારિત પરીક્ષાઓનું વિશાળ પાયા પર આયોજન કરવામાં આવનાર છે. આ સંજોગોમાં રાજ્યભરમાં આવેલી કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી સરકારી / અર્ધ-સરકારી/ ખાનગી ક્ષેત્રની આઈ.ટી.આઈ, ડિપ્લોમા / ડીગ્રી ઇજનેરી સંસ્થાઓ, M.C.A./B.C.A., B.B.A./M.B.A. કોલેજો, B.Sc./ M.Sc નો અભ્યાસક્રમ ચલાવતી કોલેજો, કૃષિ યુનિવર્સિટીઓ તથા અન્ય ડિમ્ડ યુનિવર્સિટીઓ તેમજ ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ માં માધ્યમિક, ઉચ્ચતર-માધ્યમિક અભ્યાસક્રમ ચલાવતી શાળાઓ વગેરેનો આપના સહકારના માધ્યમથી

Additional Chief Secy (EDU)
TAPAL NO : 576
Date : 21/7/26

Scanned with OKEN Scanner

મંડળની CBRT આધારિત પરીક્ષાઓ માટે ઉપયોગ કરવામાં આવે તો પરીક્ષાલક્ષી કામગીરી વધુ ઝડપી અને સુચારુરૂપે પૂર્ણ કરી શકાય તેમ છે. અત્રે એ બાબત પણ ધ્યાને મૂકવાની કે, કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી સંસ્થાઓ સપ્તાહના ચાલુ દિવસો (સોમ થી શનિ) દરમ્યાન પણ પરીક્ષાઓ માટે કોમ્પ્યુટર લેબની સુવિધાઓ પૂરી પાડવા માટે સંમત થાય તો જે તે સંસ્થાના શૈક્ષણિક કાર્યને કોઇ વિપરીત અસર ન થાય તે બાબત ધ્યાને રાખીને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ પરીક્ષાઓનું આયોજન કરી શકશે.

ઉપરોકત વિગતે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવામાં આવનાર CBRT આધારિત પરીક્ષાઓ માટે રાજ્યમાં આવેલ આપના વિભાગ હસ્તકની કોમ્પ્યુટર લેબની સુવિધાઓ ધરાવતી સંસ્થાઓના ઉપયોગ માટે જરૂરી સૂચના આપવા માટે વિનંતી છે.

અત્રે નોંધનીય છે કે, સદર કામગીરી માટેના જે તે સંસ્થા દ્વારા સૂચવવામાં આવતા દરો મુજબનું ચૂકવણું ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવશે.

કુશળ હશો

આપની સ્નેહાધીન

(ડૉ. અંજુ શર્મા, IAS)
અધિક મુખ્ય સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,
શ્રી મુકેશકુમાર, IAS,
અધિક મુખ્ય સચિવશ્રી,
ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

Scanned with OKEN Scanner

ક્રમાંક:- GSSSB/ADM/e-file/369/2026/0257/
Establishment Branch

તુષાર એમ. ધોળકિયા, આઈ.એ.એસ.
અધ્યક્ષ

સત્યમેવ જયતે

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

"કર્મયોગી ભવન" બ્લોક નં. ૨, પહેલો માળ,
નિર્માણ ભવન પાછળ, સેક્ટર ૧૦-એ,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

તા. ૧૦/૦૭/૨૦૨૬

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય: ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા C.B.R.T. પદ્ધતિથી યોજવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે રાજ્યની સરકારી/અર્ધ-સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ/કોલેજો ખાતે ઉપલબ્ધ કોમ્પ્યુટર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબત.

સંદર્ભ : સરકારશ્રીના પત્ર ક્રમાંક : GAD/WRG/e-file/01/2025/1764/G-4, Dt.20/03/2025

માનનીય મહોદયાશ્રી,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે,

**૧.૦** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રાજ્ય સરકારના વિવિધ વિભાગો તથા ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૩ સંવર્ગની જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક માટે Computer Based Recruitment Test (C.B.R.T.) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષાઓનું સમયબદ્ધ આયોજન કરીને તે મુજબ પરીક્ષાઓ લેવામાં આવી રહેલ છે.

ગત વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કુલ ૧૦૫ સંવર્ગો માટે નિયમિત તથા દિવ્યાંગ ઉમેદવારોની મળીને કુલ ૧૫૦૩૬ જગ્યાઓ માટે કુલ ૧૩૫ જેટલી વિવિધ પરીક્ષાઓનું (Regular + Special Recruitment Drive for Disabled persons) આયોજન કરાયેલ, જેમાં અંદાજિત ૨,૯૫,૩૩૩ ઉમેદવારો માટે C.B.R.T પદ્ધતિથી અને મહેસૂલી તલાટીની ૪,૨૫,૦૦૦ ઉમેદવારો માટે O.M.R.પદ્ધતિથી પ્રિલિમ પરીક્ષાનુ આયોજન કરાયેલ.

ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ માં એપ્રિલ થી જૂન-૨૦૨૬ દરમ્યાન કુલ ૧૧ સંવર્ગો માટે વિવિધ પરીક્ષાઓ C.B.R.T પદ્ધતિથી લેવામાં આવેલ છે, જેમાં અંદાજિત ૨૩,૦૧૮ ઉમેદવારો માટે બેઠક વ્યવસ્થાનુ આયોજન કરાયેલ.

હાલ સરકારશ્રીના માર્ગદર્શન મુજબ મંડળ દ્વારા જુલાઈ-૨૦૨૬ થી આગામી જૂન-૨૦૨૭ સુધીમાં અંદાજિત ૧૭૯ જેટલા વિવિધ સંવર્ગો માટેની કુલ ૨૩,૩૯૬ જગ્યાઓ માટે પરીક્ષાઓનું આયોજન કરવામાં આવી રહેલ છે. આ માટે સંબંધિત એજન્સી પાસે માસ દીઠ પરીક્ષા મુજબ ઉપલબ્ધ બેઠક વ્યવસ્થાની ઉપલબ્ધિ અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

ACS (Per) GAD
No. 193625
Dt. 13-07-26

ACS (P&R)
DS (G4)
US (Pers-2)
14.07
SO (G4)
13/7

ફોન : ૦૭૯ - ૨૩૨૫૬૩૩૧ મો. : +૯૧ ૯૯૭૮૪ ૦૮૦૫૫
ઈ-મેલ : chairman-gsssb-gnr@gujarat.gov.in

Scanned with OKEN Scanner

૨.૦ મંડળ દ્વારા સદરહું પરીક્ષાઓ C.B.R.T.પદ્ધતિથી સુચારૂ રૂપે લેવા માટે સમગ્ર રાજ્યમાં એક તબક્કે પરીક્ષા યોજવા માટે કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી યુનિવર્સિટી / કોલેજ / શાળાઓ જેવી શૈક્ષણિક સંસ્થાઓની ખૂબ જરૂરિયાત રહે છે.

સરકારશ્રીના સંદર્ભિત પત્રથી ગત વર્ષે વિભાગોને અપાયેલ સુચના અન્વયે મંડળ દ્વારા રાજ્યના શિક્ષણ વિભાગ, ગૃહ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગનો પરામર્શ કરીને તેઓના નિયંત્રણ હેઠળની સરકારી/અર્ધ સરકારી/ખાનગી ક્ષેત્રની આઇ.ટી.આઇ./ કોલેજો/યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ કોમ્પ્યુટર સુવિધાઓ મેળવવા માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેના પરિણામે રાજ્યમાં ગત વર્ષે સપ્તાહના ચાલુ દિવસો (સોમ થી શનિ) દરમ્યાન ઉપલબ્ધ ૫,૦૦૦-૭,૦૦૦ બેઠકોની સામે હાલ ૧૦,૦૦૦ જેટલી કોમ્પ્યુટરની બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ થઈ શકેલ છે. જ્યારે રવિવારે ૨૦,૦૦૦ જેટલી કોમ્યુટરો બેઠકોની વ્યવસ્થા ઉપલબ્ધ થઈ શકેલ છે. પરંતુ રવિવારે U.P.S.C, R.R.B, I.B.P.S, Staff Selection Board, G.P.S.C. જેવી ભારત સરકાર /રાજ્ય સરકારની વિવિધ સંસ્થાઓ દ્વારા પણ O.M.R./C.B.R.T. કે લેખિત પરીક્ષાઓનું આયોજન થતું હોય ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા માટે Waiting Period ખૂબ લાંબો થાય છે.

૩.૦ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ભરતી કેલેન્ડર મુજબ આગામી સમયગાળામાં,

૩.૧) જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક જેવા વહીવટી સંવર્ગો માટેની Combined Competitive Exam (C.C.E.-1) નું આગામી સપ્ટેમ્બર માસમાં આયોજન કરાયેલ છે.

સદર પરીક્ષા માટે અંદાજે ૪.૭૫ લાખ જેટલા ઉમેદવારો નોંધાયેલ છે. આ માટે Multi Shift માં પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહેલ છે. પરંતુ તે માટે સપ્તાહના ચાલુ દિવસો દરમિયાન પણ ૨૦,૦૦૦ જેટલી બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ થાય તો પ્રતિ દિન ૩ shift માં આયોજન કરી, સળંગ ૮ દિવસમાં ૨૪ shift માં exam લઈ શકાશે.

ભૂતકાળમાં મંડળ દ્વારા C.B.R.T. પદ્ધતિથી ૩૦ દિવસના સમયગાળામાં ૭૧ જેટલી Shift માં C.C.E.પરીક્ષા લેવામાં આવેલ, જેમાં વિવિધ પ્રકારના પ્રશ્નો ઉદ્દભવેલ. જેના નિરાકરણ માટે આગામી C.C.E.માં શક્ય તેટલા વધુ ઉમેદવારોનો સમાવેશ કરીને તથા શક્ય તેટલી ઓછી Shift માં પરીક્ષા લેવાનુ આયોજન કરવામાં આવી રહેલ છે. પરંતુ આ માટે વધુ ને વધુ કોમ્પ્યુટર્સની ઉપલબ્ધિ હોવી જરૂરી છે.

૩.૨) આજ રીતે આગામી December-2026 માસમાં (C.C.E.-2) પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહેલ છે, જે માટે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલા કોમ્પ્યુટર્સની બેઠક વ્યવસ્થા સપ્તાહનાં ચાલુ દિવસોમાં (સોમ થી શનિ) પ્રાપ્ત થઇ શકે તે માટે સઘન કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. ૩.૩) C.C.E. ઉપરાંત, અધિક મદદનીશ ઇજનેર (સિવિલ), અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક), ઓડિટ આસીસ્ટન્ટ, લેબ આસીસ્ટન્ટ, જુનિયર ફાર્માસિસ્ટ જેવા વિવિધ સંવર્ગોની ભરતી સમયે ઉમેદવારોની સંખ્યા વધુ રહેતી હોય છે.

Scanned with OKEN Scanner

૪.૦ રાજ્યમાં સરકારી / અર્ધ-સરકારી/ ખાનગી ક્ષેત્રે આઇ.ટી.આઇ, ડિપ્લોમા / ડીગ્રી ઇજનેરી કોલેજો, M.C.A./B.C.A. કોલેજો, B.B.A./M.B.A. કોલેજો, B.S.C./M.S.C.નો અભ્યાસક્રમ ચલાવતી કોલેજો, કૃષિ યુનિ. તથા અન્ય ડિમ્ડ યુનિ. વિગેરે મળીને અંદાજિત ૧,૦૦૦ (એક હજાર) જેટલી શૈક્ષણિક સંસ્થાઓ જણાયેલ છે. તદ્ઉપરાંત, ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ માં માધ્યમિક, ઉચ્ચતર-માધ્યમિક અભ્યાસક્રમ ચલાવતી સ્કૂલો પૈકી ઘણી પ્રતિષ્ઠિત સ્કૂલો પાસે પણ કોમ્પ્યુટરની સુવિધાઓ ઉપલબ્ધ છે. રાજ્યમાં ઉપરોક્ત જણાવેલ વિવિધ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ પાસે અંદાજે ૫૦,૦૦૦ જેટલા કોમ્પ્યુટર્સ બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ થઇ શકે તેમ જણાવેલ છે.

આ તમામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સરકારશ્રીની ભરતી કરતી સંસ્થાઓ માટે સપ્તાહના ચાલુ દિવસો (સોમ થી શનિ) દરમ્યાન પણ સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ફરજિયાત પણે કોમ્પ્યુટર સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે, સરકારશ્રી કક્ષાએથી સંબંધિત વિભાગો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકનુ આયોજન કરીને સરકારશ્રી સ્તરેથી સુચના / પરિપત્ર/ ઠરાવ કરવામાં આવે તો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ઉપરાંત સરકારી ભરતી કરતી રાજ્યની અન્ય સંસ્થાઓ જેવી કે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત જાહેર સેવા આયોગ માટે C.B.R.T. પદ્ધતિથી પરીક્ષાઓનું સમયબધ્ધ આયોજન કરવું સરળ પડશે. આથી, સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ દરેક વિભાગ માટેના ભરતી કેલેન્ડર મુજબ દર વર્ષ માટે નિયત કરાયેલ સંવર્ગો માટેની જગ્યા મુજબ ભરતીની કાર્યવાહી મંડળ તથા અન્ય સંસ્થાઓ દ્વારા અસરકારક તથા પારદર્શક રીતે થઇ શકશે.

વધુમાં, સપ્તાહના ચાલુ દિવસ દરમ્યાન જે-તે શૈક્ષણિક સંસ્થા દ્વારા તેમની કોમ્પ્યુટર લેબ ફાળવવાથી તેમના અન્ય દૈનિક શૈક્ષણિક કાર્યને કોઇ વિપરીત અસર કે બંધ રાખવાની પરિસ્થિતિ ઉત્પન્ન થવાની શક્યતા નથી. પરંતુ ભરતી કરતી સંસ્થા તથા ઉમેદવારો માટે અનુકૂળતા રહેશે. C.C.E.સિવાયની પરીક્ષાઓ માટે સપ્તાહના ચાલુ દિવસોમાં એટલે કે ગુરુવાર, શુક્રવાર કે શનિવાર દરમ્યાન બપોરની Shiftમાં ૩ થી ૬ ના સમયગાળા માટે Computer Lab ની ફાળવણી કરી તે સમયના શૈક્ષણિક કાર્યભારણને સપ્તાહના અન્ય ચાલુ દિવસોમાં આંતરિક પુનઃ વહેંચણી કરીને પણ થઇ શકવાથી મોટી સંખ્યામાં ઉમેદવારો ધરાવતી પરીક્ષાઓ એક કે વધુમાં વધુ બે Shift માં લેવાનુ આયોજન થઇ શકે તેમ છે.

૫.૦ ઉપરોક્ત હકીકતે વિદિત થઇ સરકારશ્રી સ્તરે શિક્ષણ વિભાગ, ગૃહ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, કૃષિ વિભાગ, કાયદા વિભાગ જેવા વિવિધ વિભાગો સાથે તેમજ યુનિવર્સિટીના કુલપતિઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન થવા તથા તમામ સંસ્થાઓ સરકારશ્રીની ભરતી માટે ફરજીયાત કોમ્પ્યુટર સુવિધા ઉપલબ્ધ કરે તે માટે જરૂરી કાર્યવાહી થવા નમ્ર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(તુષાર ધોળકિયા)
અધ્યક્ષ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

Scanned with OKEN Scanner